તાપમાન
મહત્તમ : ૩૫.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૮ ડીગ્રી
ભેજ
સવારે ૮૪ ટકા ● સાંજે ૪૮ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૯૯ | ૨૯ સપ્ટેમ્બર, ૨૦૧૬, ગુરૂવાર ; ભાદરવા વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦





## દેશના સંરક્ષણ બજેટમાં વધારો કરાશે

**દુનિયામાં હાલ બની રહેલી બધી ઘટનાઓની ભારત પર અસર થઇ રહી છે : અરૂણ જેટલીની નિખાલસ કબુલાત**




મુંબઈ,તા. ૨૮

જમ્મુ કાશ્મીરમાં ઉરી સેક્ટરમાં સેનાના કેમ્પ પર કરવામાં આવેલા ભીષણ ત્રાસવાદી હુમલા બાદ પાકિસ્તાન સાથે વધી ગયેલી ટેન્શન વચ્ચે હવે નાણાં પ્રધાન અરૂણ જેટલીએ સરંક્ષણ બજેટમાં જંગી વધારો કરવાનો સંકેત આપી દીધો છે. દેશની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવનાર છે તેમ જણાવીને જેટલીએ કહ્યુ છે કે બજેટમાં જરૂરીયાત મુજબ વધારો કરવામાં આવી રહ્યો છે. તેમણે કહ્યુ હતુ કે દુનિયામાં જે કઇ પણ ઘટના બની રહી છે તેની સીધી અસર ભારત પર પણ થઇ રહી છે. અમારા પોતાના સુરક્ષા પડકારો રહેલા છે. આ પડકારોમાં એક પ્રકારની અનિશ્ચિત સ્થિતી રહેલી છે. નાણાં પ્રધાને ઉરીમાં સેનાના કેમ્પમાં કરવામાં આવેલા હુમલાનો ઉલ્લેખ કર્યો હતો.

કેન્દ્રમાં હાલમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર હુમલાની તીખી પ્રતિક્રિયાના રૂપમાં કેટલાક વિકલ્પ પર કામ કરી રહી છે. જેટલીએ આઇએસના ખતરાની પણ વાત કરી છે. તેમણે કહ્યુ હતુ કે વૈશ્વિક અસ્થિરતાની સ્થિતી રહેલી છે. અમેરિકામાં પણ હાલના સમયમાં સુરક્ષાનો મુદ્દો મહત્વપૂર્ણ બનતો જઇ રહ્યો છે.

### રાહુલના રોડ શોમાં ફરી અફડાતફડી

બરેલી,તા. ૨૮

ઉત્તરપ્રદેશમાં જારી રાહુલ ગાંધીના રોડ શોમાં બુધવારના દિવસે એ વખતે અફડાતફડી મચી ગઈ હતી જ્યારે રાહુલના સમર્થક તેમને મળવા માટે તેમની ગાડી ઉપર પહોંચી જવાના પ્રયાસ કરી રહ્યા હતા જેના લીધે એસપીજીના જવાનો અને રાહુલના સમર્થકો વચ્ચે જોરદાર ઝપાઝપી થઇ હતી. રાહુલની સુરક્ષાની સાથે ચાલી રહેલા એસપીજીના જવાનોએ તરત જ મોરચા સંભાળી લીધા હતા અને સમર્થકોને દૂર કર્યા હતા. જો કે, અંધાધૂંધીનો દોર રહ્યો હતો.

## સુપ્રીમ કોર્ટે સુબ્રતા રોયને વચગાળાના જામીન આપ્યા

**સુબ્રતા રોય અને અન્ય બે ડિરેક્ટરોને રાહત : ૨૪મી ઓક્ટોબરના દિવસે ૧૨૦૦૦ કરોડની રકમની ફેર ચુકવણી અંગે તમામ માહિતી આપવા આદેશ કરાયો**




નવી દિલ્હી,તા. ૨૭

સુપ્રીમ કોર્ટે આજે સહારાના વડા સુબ્રતા રોય અને અન્ય કંપની ડિરેક્ટરોને વચગાળાના જામીન મંજુર કર્યા હતા. ૨૦૦ કરોડ રૂપિયાની ચુકવણી ઉપર ૨૪મી ઓક્ટોબર સુધી તેમને વચગાળાના જામીન આપવામાં આવ્યા છે. સુપ્રીમ કોર્ટે ૧૨૦૦૦ કરોડ રૂપિયાની બેલેન્સની રકમની ચુકવણી કરવા માટે ૨૪મી ઓક્ટોબરના દિવસે રૂપરેખા અને સ્કીમ રજૂ કરવા સહારાને આદેશ કર્યો હતો.

કોર્ટે એમ પણ કહ્યું હતું કે, સહારામાં કોર્ટને વિશ્વાસ નથી. કારણ કે ભૂતકાળમાં તેનું આચરણ સારુ રહ્યું નથી જેથી એફિડેવિટમાં સ્કીમની ૧૨૦૦૦ કરોડની ફેર ચુકવણી અંગેની તમામ માહિતી હોવી જોઈએ.

## તહેવારમાં જીરો કોસ્ટ ઈએમઆઈની વાપસી

**ફેસ્ટીવલ સિઝનમાં જીરો કોસ્ટ ઇએમઆઇ ગ્રોથને વધારી શકે : ઝીરો કોસ્ટ ઇએમઆઈ એટલે કસ્ટમરો માટે જીરો ડાઉન પેમેન્ટ અને જીરો ઇન્વેસ્ટ સ્કીમ માત્ર ક્રેડિટ કાર્ડ યુઝર્સ માટે જ રહી શકે છે**

નવી દિલ્હી, તા. ૨૮

ફેસ્ટીવલની સિઝનમાં જીરો કોસ્ટ ઈએમઆઈની વાપસી થઇ રહી છે. રિટેલ સ્ટોર્સ, ઓનલાઇન સાઇટ્સ અને બેંક ફેસ્ટીવલ સિઝનમાં ખરીદારોને નવી નવી ઓફર કરી રહ્યા છે. જેના લીધે ગ્રોથમાં વધારો થઇ શકે છે. જીરો કોસ્ટ ઈએમઆઈ એટલે કે કસ્ટમર્સ માટે જીરો ડાઉન પેમેન્ટ અને જીરો વ્યાજની સુવિધા રહેશે. પરંતુ આ સ્કીમ માત્ર ક્રેડિટ કાર્ડના ધારકો માટે જ રહેશે. આ સ્કીમ ત્રણ વર્ષના લાંબા ગાળા બાદ પરત ફરી રહી છે. અલબત્ત રિઝર્વ બેંકના રેગ્યુલેશનને ધ્યાનમાં લઇને તેના ફોર્મેટમાં કેટલાક ફેરફાર કરવામાં આવ્યા છે. ઈએમઆઇ માળખામાં કેટલાક ફેરફાર કરવામાં આવ્યા છે. બેંકોના વ્યાજ સાથે જોડાયેલી રકમને ગ્રાહકને મળનાર છુટછાટની જેમ રજૂ કરવામાં આવે તેમ ગણવામાં આવે છે. મામલા સાથે જોડાયેલા સુત્રોએ કહ્યુ છે કે રિટેલર્સ, ઇ-કોમર્સ સેલર્સ અને બ્રાન્ડ વ્યાજનો બોજ ઉઠાવશે. નવી સ્કીમ હેઠળ ગ્રાહકોને હવે પ્રોસેસિંગ ફી અને કોઇ અન્ય ચાર્જની ચુકવણી કરવાની રહેશે નહી. રિઝર્વ બેંકે વર્ષ ૨૦૧૩માં બેંકોને ક્રેડિટ કાર્ડ પર જીરો ટકા ઈએમઆઈઇ સ્કીમ ઓફર કરવાનો ઈન્કાર કર્યો હતો.





આદ્યશક્તિની આરાધના - ગુજરાત આખું મા-આદ્યશક્તિની આરાધનાના પર્વની રાહ જોતું હતું... માત્ર ૪૮ કલાક બાદ આરંભાશે... ઠેર ઠેર માતાજીના સ્થાપન થશે, માતાજીના ગુણલા ગવાશે... હામ-હવન થશે... સ્તુતિ ગાન થશે અને રાત્રે ગરબા-રાસ જામશે... માતાજીને પ્રસન્ન કરવા ભાવિકો તપ-જપ પણ કરશે... ગુજરાતમાં ઠેર ઠેર મા-આદ્યશક્તિની આરાધનાના પર્વની ઉજવણી માટે નવરાત્રિ મહોત્સવ ઉજવાય છે... ઠેર ઠેર મા-આદ્યશક્તિની મૂર્તિનું સ્થાપન થશે.... પૂજન-અર્ચન થશે... અને ખેલૈયાઓ મન મુકીને ગરબે ઘુમશે... નવરાત્રિ મહોત્સવ માટે માતાજીની મૂર્તિને કલાકારીગરો દ્વારા આખરી ઓપ અપાઈ રહ્યો છે... માતાજીના વિવિધ સ્પરૂપની મૂર્તિઓ અમદાવાદના બજારમાં જોવા મળી રહી છે...

## સાર્ક સંમેલનને ટાળવાનો નિર્ણય

**અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ અને ભૂટાન ભારતની સાથે આવ્યા : પાકિસ્તાનને એકલું પાડી દેવાની ભારતની રણનીતિ સફળ રહી : ભારતને મોટી રાજદ્વારી જીત મળી : પાકના બાંગ્લા-અફઘાનની સાથે સંબંધ બગડ્યા**

નવી દિલ્હી,તા. ૨૮

પાકિસ્તાનમાં નવેમ્બર મહિનામાં યોજાનાર સાર્ક સંમેલનને આખરે ટાળી દેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ભારતના જોરદાર દબાણ બાદ પાકિસ્તાન બિલકુલ એકલું પડી ગયું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકારે ઉરીમાં ભીષણ ત્રાસવાદી હુમલા બાદ રાજદ્વારી મોરચે એક પછી એક પગલા લીધા છે જેની સીધી અસર જોવા મળી રહી છે. ભારતની વધુ એક રાજદ્વારી જીત થઇ છે. કારણ કે, ઉરીમાં ત્રાસવાદી હુમલા બાદ સાર્ક સંમેલનને ટાળવાને ભારતે કહ્યું હતું. ભારતે બહિષ્કાર કરવાની વાત કર્યા બાદ અન્ય દેશો પણ ભારતની સાથે આવ્યા હતા. ભારત બાદ અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ અને ભૂટાને પણ તેમાં ભાગ નહીં લેવાનો નિર્ણય કર્યો છે. આને પાકિસ્તાનને અલગ કરી દેવાની નીતિ તરીકે ગણવામાં આવે છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, નિર્ણયને લઇને હજુ સુધી ચર્ચાઓનો દોર ચાલી રહ્યો છે. નેપાળના વડાપ્રધાન પ્રચંડ હાલમાં કાઠમંડુમાં નથી. તેઓ પરત ફર્યા બાદ નિર્ણય ઉપર હસ્તાક્ષર કરવામાં આવશે. દક્ષિણ એશિયન દેશોમાં ૧૯૮૫માં બનેલા સંગઠન સાર્કમાં આઠ દેશો રહેલા છે. ઉરી હુમલા બાદ પાકિસ્તાન સાથે સંબંધોમાં તંગદિલી વચ્ચે ભારતે મંગળવારના દિવસે પોતાના ઈરાદો સ્પષ્ટ કરી દીધો હતો. સંગઠનનું નેતૃત્વ કરી રહેલા નેપાળને ૯-૧૦ નવેમ્બરના દિવસે યોજનાર સંમેલનમાં સામેલ ન થવાની માહિતિ આપી દેવામાં આવી હતી. કહેવામાં આવ્યું છે કે, ક્ષેત્રિય સહાકાર અને આતંકવાદની સાથેસાથે તમામ બાબત એક સાથે આગળ વધી શકે નહીં. આજે મોટા રાજદ્વારી ઘટનાક્રમમાં અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ અને ભૂટાન પણ ભારતની સાથે આવી ગયા હતા.

બાંગ્લાદેશે કહ્યું છે કે, અમારા દેશે આંતરિક મામલાઓમાં એક દેશની દરમિયાનગીરી વધી ગઈ છે જેથી એવી સ્થિતિ સર્જાઈ ગઈ છે કે આનુ સફળ આયોજન થઈ શકશે નહીં. દક્ષિણ એશિયામાં વધતા આતંકવાદના કારણે તમામ દેશો ચિંતાતુર છે. અમારા દેશ ઉપર લાદવામાં આવેલા આતંકવાદના કારણે હિંસા વધી ગઈ છે. અત્રે નોંધનીય છે કે, આ સાર્ક બેઠકનો બહિષ્કાર કરવાની દરખાસ્ત સૌથી પહેલા અફઘાનિસ્તાન તરફથી આવી હતી.











